વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

વર્ષ - ૪૨ : અંક - ૧-૨ ✻ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ પ્રકાશન : જાન્યુઆરી-૬, ૨૨, ૨૦૨૪

# લોક સ્વાસ્થ્ય સેવા મંડળીની ૩૩મી વાર્ષિક સાધારણ સભા

શ્રી 'ગુજરાત મહિલા લોક સ્વાસ્થ્ય સેવા સહકારી મંડળી' લિ.'આરોગ્ય સેવા'ની ૩૩મી વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં 'અમદાવાદ મેડિકલ એસોસિએશન' આશ્રમરોડ ખાતે રમીલાબહેનના પ્રમુખ પદે મળી હતી. જેમાં કુલ ૩૦૦ સભ્યો હાજર રહયાં હતા. સભાનું સંચાલન મંડળીના સી.ઇ.ઓ. ઇલાબહેને કર્યુ.

ઈલાબહેનને યાદ કરતાં મિરાઇબહેને જણાવ્યું કે, 'બેન' હંમેશા સભ્ય બહેનોના આરોગ્યની પરિસ્થિતિ અને સેવાઓ અંગે સંવેદનશીલ રહેતા. તેમનો મુખ્ય ઈરાદો બહેનોને ગરીબીના વિષચક્રમાંથી બહાર કાઢવા, તેમને સમૃદ્ધ કરવા, સ્વાવલંબી બનાવવા અને બહેનોના જીવનમાં ખુશહાલી લાવવી તે હતો.

ઈલાબહેને લોક સ્વાસ્થ્ય મંડળીની ૨૫ વર્ષની યાત્રાની ચોપડીમાં લખ્યું છે તે કે, ''ગરીબ બહેનની રોજી ટકી રહે અને શરીર મૂડી ન ઘસાઇ જાય. આ જ તો સેવાનું સૂત્ર કે 'હું જ દર્દી, હું જ દવા અને હું જ દર્દ મટાડનાર'. સ્વાસ્થ્યને સમગ્રપણે જોઇએ, સમજીએ. સ્વ, સમાજ અને વિશ્વ/ધરતીમાતા- આમ ત્રણેના અન્યોન્ય સંબંધોને ઓળખીએ, સમજીએ. આ સમજીશું અને સમજાવીશું ત્યારે જ આરોગ્યનું સમગ્ર-દર્શન આપણને થશે અને તે મુજબ લોક સ્વાસ્થ્ય, લોકોને પામશે.''

તેમના આપેલા વારસાને આગળ વધારવાના આપણા સંકલ્પને આપણે વધુ મજબૂત બનાવીએ.

મંડળીના બિઝનેસ મેનેજર સોનલબહેને વર્ષ ૨૦૨૧-૨૨ની મિનિટ્સ વાંચી સંભળાવી જેને સર્વાનુમતે મંજુર કરવામાં આવી.

સેવાના મંત્રી અને મંડળીના કોઓર્ડીનેટર યાસ્મીનબહેને મંડળીને શુભેચ્છા પાઠવીને કહ્યું; આપણી મંડળીના રિપોર્ટના પહેલાં પાના ઉપર જોયું કે, ''મારું શરીર એ જ મારી મૂડી'' છે. અસંગઠિતક્ષેત્રના બહેનો છે તેમનું શરીર સાજુ હશે, સારું હશે તો એમની મૂડી સચવાયેલી છે.

આ વર્ષે મંડળીની સભ્ય સંખ્યા ૧૪૮૮ છે. અમદાવાદ શહેરના ૮ વોર્ડના ૨૧૧ વિસ્તાર, અમદાવાદ જિલ્લાના ૪ તાલુકાના ૯૭ ગામ, સુરત શહેરના ૫ તાલુકાના ૮૩ ગામ તેમજ વિસ્તાર, સાબરકાંઠાના ૮ ગામ અને તાપી જિલ્લાના ૪ તાલુકાના ૧૨ ગામમાં મંડળીનું કામ ચાલે છે.

અસંગઠિત ક્ષેત્રના બેનોને સ્વાસ્થ્યને લગતી જાણકારી હોતી નથી. માટે માનસિક સ્વાસ્થ્ય, વ્યાવસાયિક સ્વાસ્થ્ય અને બિન ચેપી રોગો ઉપર નાના વિડીયો, નાના ચિત્રો અને છબીઓ દ્વારા લોકો સમજી શકે એ માટે બહેનો અને યુવાનોના ગ્રુપ બનાવી ૫૫૬૦૮૯ સભ્યોને આરોગ્ય શિક્ષણ દ્વારા જાગૃત કર્યા છે. બિન ચેપી રોગ વધી રહ્યાં છે, કુપોષણનું પ્રમાણ બાળકો અને બેનોમાં જોવા મળે છે. સામાજીક સ્વાસ્થ્ય બગડી રહ્યું છે.

વર્ષ દરમિયાન થયેલા કેમ્પોમાં લોહીની તપાસ, બીપી માપવું, દવાઓ મફત અપાવી, કેમ્પ દરમ્યાન દર્દીને વધુ તપાસની જરૂર હોય તેમને સરકારી હોસ્પિટલમાં રિફર કરી તેમનું ફોલોઅપ પણ કરવામાં આવ્યું જેમાં, ૨૦૮૬ જેટલા રિફર સેવાઓ આપવામાં આવી છે. આરોગ્ય સેવા દ્વારા સરકારી સંસ્થા સાથે સંકલન કરી ૪૪૦ કેમ્પ કર્યા, જેમાં ૧૯૮૫૧ લોકોએ લાભ લીધો. આ વર્ષે કુલ ૧૦,૩૧૨ લોકોને રીફર કર્યા જેમાં મુખ્ય ૧૯ ટકા બીન ચેપી રોગો, ૧૨ ટકા આંખની તકલીફ, ૯ ટકા પ્રજનન રોગોની તકલીફવાળા સભ્યોનું રીફર કરવામાં આવ્યું. જેમાં ૪૬ ટકા સરકારી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા. સાથે જ બ્રેસ્ટ અને સર્વાઈકલ સ્ક્રિનિંગ, જનરલ કેમ્પ, ડેન્ટલ કેમ્પ, આયુર્વેદ, આંખના કેમ્પ કરવામાં આવ્યા. સરકારી સ્વાસ્ય સેવા સુધી ન પહોંચી શકે તો બહેનો આરોગ્ય સેવા સુધી પહોંચે છે.

એ જ રીતે ‘સેવા શક્તિ કેન્દ્ર’ પર કુલ ૫૧ કાર્યક્રમો દ્વારા ૪૨૫૭ સભ્યો સુધી પહોંચ્યા. જેમાં, કિશોરીઓ માટે વાનગી સ્પર્ધા તેમજ બહેનો અને કિશોરીઓને ‘મિલેટ’ (જાડા ધાન) વિશે સમજ આપી. જાડું અથવા બરછટ ધાન વધુ પોષક હોય છે.

આ વર્ષ દરમ્યાન કુલ ૪૪,૯૫૪ વિવિધ યોજનાઓ અને પુરાવાઓ મેળવવા માટે સભ્યોનું જોડાણ કરવામાં આવ્યું. આરોગ્ય યોજનાઓ સેવાના સભ્યોને હક છે તે તેમને મળવી જોઈએ.

આ વર્ષ દરમ્યાન ૮૫ સંજીવની સમિતિ, મહિલા આરોગ્ય સમિતિ, રોગી કલ્યાણ સમિતિ, પાણી સમિતિ અને સ્કૂલ સમિતિના સભ્યોની સાથે વારંવાર તાલીમ અને મિટીંગો કરી. સમિતિને જે ભંડોળ મળે તેનો ઉપયોગ સ્વચ્છતા અને પોષણને લગતાં વિવિધ કામો માટે કરાવ્યો જેવા કે બી.પી., ડાયાબિટીસ મશીન ખરીદવા, સગર્ભા બહેનોને રિફર કરવા માટેનું વાહન ખર્ચ, કચરાનો નિકાલ કરવા જેવા કામો હાથ ધર્યા. સેવાના સભ્યોને સ્વાસ્થ ટકાવી રાખવા, વધારવા, અને ઉત્તમ કરવા મદદ કરી.

સેવા શક્તિ કેન્દ્ર દ્વારા શહેર અને જિલ્લામાં ૧૦૦ સ્થાનિક આરોગ્ય સખી તૈયાર કરવામાં આવી છે. આ કાર્યક્રમ દરમ્યાન ૩૫,૦૦૦ ઉદ્યમી બહેનોને આરોગ્ય વિવિધ વિષયોના શિક્ષણ અંગે જાગૃતિ કરવામાં આવી જેમાં એનીમિયા અને પોષક આહાર, સ્વચ્છતા અને સ્વાસ્થ્ય, માતા-બાળ સ્વાસ્થ્ય, સરકારી આરોગ્યનું માળખું, સરકારી યોજનાઓ ડીજીટલ માધ્યમ દ્વારા આપવામાં આવી. તેની સાથે ૨૧,૬૦૬ વિવિધ સરકારી યોજનાઓ સાથે સેવાની સભ્ય બહેનોનું અને પરિવારોનું જોડાણ કરાવ્યું.

સભામાં બહેનોએ વિડીયો ક્લીપ દ્વારા મંડળીના બહેનોના અનુભવોને જાણ્યા, અને આયોજન કર્યું.

ભાટ ગામના સરપંચ મહેન્દ્રભાઇ આ પ્રસંગે હાજર રહેતાં મંડળીના કામને બિરદાવતા કહે, કસક્રોઇ તાલુકાના ૧૨ ગામોમાં મંડળીના આગેવાન બહેનો ગામના દરેક ગરીબ શ્રમજીવીઓના ઘરે-ઘરે જઇને લોકોના સ્વાસ્થ્યની સતત ચિંતા કરતાં ઘણુ યોગ્ય કામ કરી રહ્યાં છે જે મેં સાથે રહીને જાણીજોયું છે. આગળ પણ મંડળી આવી જ પ્રગતિ ગામે ગામ અને જીલ્લે જીલ્લે કરતી રહે એવી શુભેચ્છાઓ.

આવેલા મહેમાનમાં કેડિલા કંપનીના મેનેજર દિલિપભાઇ જેઓ સેવા શક્તિ કેન્દ્ર સાથે જોડાયેલા છે, તેઓ મંડળીને શુભેચ્છા પાઠવતાં કહે, ૨૦૨૦-૨૧માં દસક્રોઇ અને ધોળકા તાલુકામાં મળીને ૪ સેવા શક્તિ કેન્દ્રો શરુ કર્યા હતા. એક વર્ષની કામગીરીને અંતે ટ્રસ્ટના ટ્રસ્ટી, સી.એસ.આર. કમિટિના સભ્યો અને બોર્ડ ડિરેક્ટરોએ નક્કી કર્યુ કે, જે કામ થઇ રહ્યું છે તેનો લાભ વધારે બેનોને મળે તેથી ૪ થી વધીને હવે ૧૧ કેન્દ્રોએ પહોંચ્યા છીએ અને તેમનો શક્તિવિકાસ પણ થયો છે. આપણો ઉદ્દેશ્ય છે ‘આદર્શ ગામ’ બને, તે સેવાના માધ્યમ થકી પુરો કરવાનો પ્રયાસ કરીશું.

ઈતિહાસને યાદ કરતાં મિરાઇબહેન કહે, ઈલાબહેને આરોગ્યના કામની શરૂઆત કરી ત્યારે અમદાવાદના શંકરભુવનથી સુમનબહેન, રોશનબેન, ચંદાબહેન અને હું આ કામ માટે જતાં. જ્યારે આરોગ્યનું કામ શરુ કર્યુ ત્યારે આપણને ખબર નહોતી કે, સેવાની મંડળી બનશે અને આટલી પગભર થશે ! બસ બહેનો સાથે કામ કરતાં ગયા, આરોગ્ય સેવિકાઓ તૈયાર થઈ ને આગળ વધતાં ગયા. આપણી બહેનોમાંથી જ વાત આવી કે, શ્રમજીવી બેનો ૧૦૦ રૂપિયામાંથી તો ૬૦ થી ૭૦ રૂ. તો દવામાં જ જાય છે તો એનુ કંઇક કરોને ! એટલે બેનોએ જ દિશા સૂચન આપ્યું અને પછી સેવાના આંગણે રંગભુવનની

ઓફિસમાં ૭૦ હજાર રૂપિયાથી નાનકડી દવાની દુકાન શરુ કરી અને જયલત્તાબહેન જેમણે વાંસકામ મંડળી ઊભી કરી તેમણે કામ સંભાળ્યું. આજે મંડળી ૧૦ કરોડના ટર્નઓવરે પહોંચી છે ખૂબ ખૂબ અભિનંદન અને હજુ વધારે આગળ વધતી રહે તેવી આશા રાખીએ.

સેવા ફેડરેશનના મેનેજિંગ ડિરેક્ટર મિત્તલબહેન મંડળીને અભિનંદન આપતાં કહે કે, ફેડરેશન માટે ગૌરવની વાત છે, કોઓપરેટીવો છે તેમાં સેવા બેંક અને ક્રેડિટ કોઓપરેટીવ સોસાયટી નાણાંકીય સેવાઓ પુરી પાડે છે, જેનું ટર્નઓવર વધારે હોય છે. દૂધ મંડળીઓ ત્રીજા નંબરે અને 'લોક સ્વાસ્થ્ય મંડળી' બીજા ક્રમે આવે છે. એ માત્ર ટર્નઓવર જ નહી પણ લાખોની સંખ્યામાં વિસ્તારોમાં સ્વાસ્થ્યને લગતી સેવા પહોંચાડવાનું કામ કરે છે. એટલે આપણે અપેક્ષા રાખીએ કે થશે જ. હવે એવું લાગે છે કે, ડિજીટલના યુગમાં આપણે ડિજીટલ માધ્યમથી કામ નહી કરીએ તો આપણે પાછળ રહીશું. તેમાં ઝંપલાવવું જોઇએ. રિપોર્ટમાં સાંભળ્યું કે, બિન ચેપી રોગો વધતાં જાય છે તો એના માટે આપણે આપણી પાસે જે વેલ્ફેર ફંડ છે તેને આ કામ માટે વાપરવા જોઈએ. એમાંથી કેન્સર,કિડની જેવી ગંભીર બિમારીઓમાં રેગ્યુલર દવાઓ જોઇએ છે તેમને આપણે ડિસકાઉન્ટેબલ રેટમાં એ દવાઓ આપવાનું વિચારી શકીએ ?

દસક્રોઇ તાલુકામાંથી આવેલા કૈલાસબહેન કહે, ૧૭ વર્ષથી સેવા સાથે જોડાયેલી છું. હું ઘરે ઘરે જઇને લોકોને સમજાવી સેવા સાથે જોડી વીમો લેવડાવવા તેમજ જડીબુટ્ટીની દવાઓ આપવાનું કામ કરું છું. મને ઘણો આનંદ છે કે, હું સેવાનું કામ કરું છું.

૧૨ વર્ષથી મંડળી સાથે જોડાયેલા અને મંડળીના આયુર્વેદિક યુનિટમાં કામ કરતાં પાર્વતીબહેન પોતાના અનુભવમાં કહે, 'અહીં પોતાપણું છે. સેવા મારી છે. સભ્યો મારા છે. કામ મારું છે. આરોગ્ય મારું છે.'

સાણંદ તાલુકાના નિધરાડ ગામના ખેત મજુર ઉમિયાબહેન સોલંકી કહે કે, 'હું આર્યુવેદિક દવાનું વેચાણ કરું છું. ઘણાં તાલુકામાં આપણા સેવા શક્તિ કેન્દ્રો ચાલે છે સાણંદ તાલકાના ગામમાં કિશોર કિશોરીના મંડળ ચલાવું છું જેમાં કિશોરોને વ્યસનની તાલીમ આપી હતી, જેનાથી ઘણા છોકરાઓએ વ્યસન છોડી દીધા. મને ઘણો આનંદ થાય છે કે, ગામ ઘણે અંશે વ્યસન-મુક્ત બન્યું છે.'

મંડળીના હિસાબનું સરવૈયું દિપિકાબહેન અને કૃતિકાબહેને વાંચી સંભળાવ્યું જે સર્વાનુમતે મંજુર કર્યુ.

મંડળીના સી.ઇ.ઓ. ઇલાબહેને આ વર્ષે મંડળી ૨૦ ટકા સુધી ડિવિડન્ટ આપી શકશે તેમ જણાવ્યું. અંતમાં સભામાં ઉપસ્થિત મહેમાનોનો આભાર માન્યો અને 'અમે પાર કરીશું' ગીત ગાઇ બધા છુટા પડયા.

- **ગોમતી**

❑

## સૂર્યથી સૂર્યા : 'સેવા'ની ચુનંદી બહેનો

સેવાની સભ્ય બહેનોમાં સૂર્યઉર્જા પર કામ કરવાનું વધતું જાય છે અને હવે તો ઘણાં બધા ગામોમાં સૂર્યઉર્જાને સાચવવા, સંભાળવા, સમારવા અને ફેલાવવાનું કામ સેવાની સભ્ય બહેનો આનંદથી કરી અને દેશની ઉર્જા ગરીબીને દૂર કરવાની પહેલ કરે છે. આ બહેનો સેવાની સૂર્યાબહેનો જ ખરી કે ?

અત્યાર સુધી ઘણાં બધા આ વિસ્તારમાં ભરતકામ, સિલાઈકામ, આ બધા કામને બહેનોના કામ ગણવામાં આવતાં હતા. સૌર ઉર્જાની તાલીમ વિશે સભ્યોને સમજાવ્યું ત્યારે તેમને ખૂબ આશ્ચર્ય થયું. બહેનોનું સોલાર વિશે શીખીને શું કામ ? બહેનોને થોડુ સોલારમાં કામ મળવાનું છે ? સભ્યોને સૌર ઉર્જાની ખરી માહિતી આપી કે, આવનારા ભવિષ્યમાં અનિશ્ચિત વાતાવરણના પરિણામે ખેતી અને પશુપાલન ઘણું ખર્ચાળ થઇ જવાનું છે. ભરતકામની પણ દિવસે દિવસે નવી મશીન ટ્રેકનોલોજી આવતાં માંગ ઘટી જવાની છે. પેટ્રોલ અને ડીઝલના ભાવ તો આસમાને પહોંચી ગયા છે, જયારે સૂર્ય તો અઢળક પ્રમાણમાં તડકો આપે છે અને આ તડકાનો ઉપયોગ આપણે ઘણી દિશાઓમાં કરી શકીએ છીએ. જેમ કે વીજળી ઉત્પાદન કરવું, રસ્તા પર દિવા, કૂવામાં મશીન, વાહનો ચલાવવા, જમવાનું બનાવવા વગેરે. સોલારની માંગ બમણા પ્રમાણમાં વધવાની છે. જો આ ક્ષેત્રનું જ્ઞાન આપણી દીકરીઓમાં હશે તો તેઓ ભવિષ્યમાં સારી રોજગારીની તક મેળવી શકશે તેમજ પોતાનો ધંધો પણ સારી રીતે ચલાવી શકશે. દેશનો સૌથી મોટો સોલાર પાર્ક ધોકાવાડાથી ૬ કિ.મી. દૂર ચારણકા ગામમાં આવેલ છે. તેમાં પણ બહેનોને કામ મળી શકે છે અને આ એક સોનેરી તક છે આપણી દીકરીઓ માટે. જયારે આ બહેનોને સોલાર અંગેની તાલીમ માટે મુલાકાત કરવામાં આવી ત્યારે ખાસ કરીને બહેનોના વાલીઓ સાથે પણ ચર્ચા કરવામાં આવી હતી. પિતા કહે, આવું કામ આવડે ? માતા કહે, કેમ ન આવડે ? આ દરમિયાન બહેનોને સોલાર ક્ષેત્રમાં આ વિસ્તારમાં ક્યારેય કામ મળતું નથી તેવી તેમના વાલીઓ દ્વારા જાણ થઇ છે. અને આમ બહેનોને તાલીમ માટે એકત્રિત કરવા માટે મુશ્કેલીઓ આવી હતી.

અમારું ગામ. અમારો જિલ્લો. અમારો સૂરજ. અમારી જમીન. અમારી આવડત. અમારો ભારત દેશ. અને અમને જ સોલારના કામ અને લાભમાંથી બાકાત ? આવડતના નામે ? કૌશલ્યના નામે ? અમે બહેનો સોલાર કામ શીખીશું અને સોલાર કામ કરી બીજી ગરીબ બહેનોને લાભ અપાવીશું.

સૂર્યા કાર્યક્રમની શરૂઆત જૂન ૨૦૨૨માં સેવા, યુનેપ તેમજ રીન્યુ પાવરના સંકલિત અભિગમથી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ દ્વારા પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ધોકાવાડા અને કોલીવાડા ગામમાં ૫૦ બહેનો માટે સૂર્યા (સૌર ઊર્જા) તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. ત્યારબાદ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાગંધ્રા તાલુકામાં પણ સૂર્યા કાર્યક્રમની ૩૦ બહેનો સાથે શરૂઆત કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં મુખ્યત્વે રોજગારીમાં ભરતકામ, ખેતી, પશુપાલન મુખ્ય છે. સેવા સંસ્થાના આ વિસ્તારના સભ્યો વર્ષોથી પરંપરાગત રીતે મીઠું પકવે છે.

આ તાલીમ દ્વારા સભ્ય બહેનોને સોલાર પેનલ અને સોલાર પંપની તકનીકી તાલીમ આપવામાં આવી હતી. જેના દ્વારા સેવાના સભ્ય બહેનો પોતાની આવડત વધારીને રોજગારી મેળવે છે. આ પ્રવૃત્તિ અંતર્ગત સોલારના ક્ષેત્રમાં આજીવિકા મેળવવાનો એક અનોખો માર્ગ નીકળી આવેલ છે.

ઈલાબહેને યુ.એન.ડી.પી.ના વિશ્વના વડાને ચાર વર્ષ પહેલાં કહેલું કે, ''સૂર્યશક્તિના કામમાં શક્તિસમી સેવાની અને સેવા જેવી લાખો બહેનોની શક્તિ બાકાત રહે તે સૂર્યશક્તિને કરવાની શું ? સૂર્યમાંથી સૂર્ય તરફ સેવાએ દેશને લઈ જવાનો છે.''

જે બહેનો બીજા ગામમાંથી આવે છે તેમને કેન્દ્ર પર લઈ આવવું અને લઈ જવાની જવાબદારી સેવાના આગેવાન બહેનો એ લીધી છે. જયારે તાલીમની શરૂઆત કરવામાં આવી ત્યારે ૧૫ દિવસ સુધી તો બહેનોને સામાન્ય ઈલેક્ટ્રીસીટી વિશે જ સમજાવવામાં આવ્યું હતું કારણ કે, મોટા ભાગના બહેનોએ વર્ષોથી પોતાનું ભણતર છોડી દીધું હતું તેથી અમુક ગણતરી માટે તેમને તૈયાર કર્યા અને સમયાંતરે તેનું મૂલ્યાંકન કરી તાલીમાર્થી બહેનોને વર્ગખંડમાં ૬૦% થીયરી તાલીમ તેમજ ૪૦% બહાર સોલાર પેનલ સાથે પ્રેક્ટીકલ તાલીમ આપી છે. સેવામાં હાથ અને દિગામ બેઉ ચલાવાના. સાથે સાથે ચલાવવાના.

આમ, સોલાર સિસ્ટમ સારી રીતે ઈન્સ્ટોલ કરી શકે તે અંગેની પણ તાલીમ આપવામાં આવે છે. સાઈટ પર સિસ્ટમ ઈન્સ્ટોલેશનની મુશ્કેલી, ટીમના સાથીદારો સાથે કેમ વર્તન કરવું, સાઈટ પર કામ કરવા અંગેની સાવચેતી રાખવી તે તમામ બાબતોથી તૈયાર કર્યા છે.

જે બહેનો કેન્દ્ર પર નિયમિત તાલીમ લઈને શીખ્યા તેમનો અનુભવ રહ્યો કે, તેઓ પોતાની જાતે જ સોલાર સિસ્ટમ ફીટ કરી આત્મવિશ્વાસથી સાઈટ પર કામ કરી શકે છે. અમને કામ કરતાં આવડે, બોલતાં ઓછું આવડે.

વધુમાં આ બહેનો ધોકાવાડા સંસ્કાર કેન્દ્રને પોતાનું બીજું ઘર સમજે તે અર્થે તેમની સાથે ઘણી પ્રવૃતિઓ કરાવવામાં આવી છે જેમ કે દરરોજ આ બહેનો પાસે બહેનોના પ્રશ્નો, સામાજિક પરિસ્થિતિ, તહેવારો, ગ્રામ્ય જીવન જેવા દરેક મુદ્દા પર આગળ આવીને બોલી શકે. તેમને પોતાની વાત અને વિચાર કહેતાં આવડે તેમજ દરેક તાલીમાર્થી બહેને એક છોડ, તેમજ શાકભાજી વાવ્યાં છે. દરેક બહેનના નામનું એક વૃક્ષની જવાબદારી લીધી છે તેમજ એ વૃક્ષની માવજતનું કામ પણ કરે છે. આમ, બહેનોમાં પર્યાવરણ અંગેની સમજ કેળવાઈ. સૂર્ય અને વૃક્ષ સાથોસાથ ચાલે છે.

આ તાલીમ દ્વારા સભ્ય બહેનોને સોલાર પેનલ અને સોલાર પંપની તકનીકી તાલીમ આપવામાં આવી હતી. જેના દ્વારા સેવાના સભ્ય બહેનો પોતાની આવડત વધારીને રોજગારી મેળવી છે. આ પ્રવૃત્તિ અંતર્ગત સોલારના ક્ષેત્રમાં આજીવિકા મેળવવાનો એક અનોખો માર્ગ નીકળી આવેલ છે. આખા દેશમાં આ કામ કરી શકાય તેમ છે.

અત્યાર સુધીમાં સૂર્યા કાર્યક્રમ અંતર્ગત ૧૮૦ બહેનોને તાલીમ આપવામાં આવી છે, તેમાંથી કડીમાં ૧૨ બહેનો, સાણંદમાં ૨૦બહેનો, ગાંધીધામમાં ૧૬ બહેનો તથા અમદાવાદમાં એક બહેન, GISEમાં એક બહેન અને પાટણમાં બે બહેનો એમ કુલ (૫૨)બહેનોને રોજગારીની તક મળેલ છે. સેવામાં સૂર્ય તરફથી સૂર્યા તરફ આ મજલ શરૂ કરી છે.

- **રીમા**

❑

## મારું રાષ્ટ્ર ઘડતર

મારું કામ મારા દેશને પગભર કરવાનું છે અને હું મારી મહેનતથી આ કામ કરું છું.

મારું નામ કમીબેન છે. મારા દાદી અને માતા સેવા સાથે ૪૦ વર્ષોથી ભરતકામની પ્રવૃતિ સાથે જોડાયેલા છે. હું બી.એ.ના બીજા વર્ષમાં અભ્યાસ કરું છું. વર્ષોથી મારા માતા-પિતા એ

મજુરી કરીને અમને ૪ ભાઈ બહેનોને ભણાવ્યા છે. આ વર્ષે અમારા ગામમાં થનાર સૂર્યા તાલીમમાં મારું નામ લખાવ્યુ. અમારા ગામથી નજીક આવેલ ચારણકા સોલાર પાર્ક જોઈ મને પણ સોલાર વિષે જાણવાની ઉત્સુકતા પહેલેથી જ હતી. અને અમારા ગામમાં આ પ્રકારના તાલીમ કેન્દ્ર શરૂ થવાનું જાણી મારા ઉત્સાહનો પાર ન હતો. મેં ખૂબ જ ઉત્સુકતાથી આ તાલીમ ૪ મહિના લીધી. જેમાં અમને સોલાર એનર્જી, પાવર, AC-DC કનેક્ટર, વોલ્ટેજ, કરંટ અને રીન્યુએબલ એનર્જી વિશે ભણાવવામાં આવ્યું હતું, અઘરી લાગતી વાત સેવા સાથે કરતાં સરળ બને છે. મને વ્યક્તિત્વ વિકાસની તાલીમ સેવામાંથી જ મળી છે. સૂર્યા કાર્યક્રમ અંતર્ગત સોલાર ક્ષેત્રમાં ગામની બહેનોને ઓછા ભણતરે તાલીમ આપી કૌશલ્ય પ્રદાન કરી શકાય છે.ગામની બહેનો રોજગાર મેળવી આત્મનિર્ભર બની શકે છે અને ''ગરીબ બહેનો પગભર થાય તો જ રાષ્ટ્ર પગભર થાય '' તેમ ઈલાબેન કહેતા હતાં. મારા ગામથી સાવ નજીક ચારણકા સોલાર પાર્ક આવેલ છે અને અમારા વિસ્તારમાં ભવિષ્યમાં સોલાર ક્ષેત્રે ઘણી ઉજજવળ તકો છે જેથી અમારા વિસ્તારમાં આ પ્રકારની તાલીમ બહેનોને આપી તેમને રોજગારીની તકોમાં વધારો થઇ શકે છે. મેં મારી બહેનપણીઓને પણ સમજાવ્યું કે આ તાલીમ આપણા જેવી દીકરીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. આપણે બધાને ભવિષ્યમાં સોલારમાં કામ મળી રહેશે એવી આશા લઈને કેન્દ્ર પર તાલીમ લેવા આવતા હતા. હું પણ નોકરી કરીને પોતાના ભાઈ-બહેનને ભણાવવા ઈચ્છું છું. આમ, આજે મેં આત્મવિશ્વાસથી સોલાર સિસ્ટમમાં ઘણું શીખી છું અને સોલારમાં કામ કરવા માટે ઘણો રસ છે. આજે હું આ તાલીમ લીધા બાદ હું પણ સેવા દ્વારા ચાલતા સૂર્યાની પ્રવૃત્તિમાં મારા જ ગામના ધોકાવાડા તાલીમ કેન્દ્ર પર સોલાર ટ્રેનર તરીકે પસંદગી થઇ છે અને મારા જેવી બીજી બહેનોને આજે હું રસપૂર્વક તાલીમ આપી શકું છું. મારે પાંચ વર્ષમાં પાંચસો સોલાર બહેનો તૈયાર કરવાના છે. સેવામાં અમે તેમને ''સૂર્યા બહેનો'' કહીએ છીએ.

આ તાલીમ લીધા બાદ મેં ઓનલાઈન પરીક્ષા સફળતાથી પાસ કરી અને સેવા સાથે સોલાર તાલીમના સહયોગથી સંસ્થા GISE દ્વારા મને ધોકાવાડા સેન્ટર ખાતે જ સોલાર ટ્રેનર તરીકે પસંદગી પામી તે બદલ હું મારા સંગઠનનો ખૂબ જ આભાર માનું છું. મને તક મળી તો સોલારમાં સેવાનો તો પહેલો નંબર આવે જ. ભારતને પણ નંબર વન સોલારમાં લાવી દઉં.

❑

## તાલીમથી મારું જીવન બદલાયું

મારું નામ શાનુબેન છે. હું પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના ધોકાવાડા ગામમાં રહું છું. હું ધો-૧૧ સુધી ભણેલી છું. હું એક નાનકડા ગામમાં રહું છું અને મારી આર્થિક પરિસ્થિતિ ખૂબ જ નાજુક છે. હું ઘરના કામમાં મદદ કરું છું અને ખેતરમાં પણ કામ કરવા જઉં છું. મેં સોલાર પીવી ટેકનીશીયનની તાલીમ ધોકાવાડા સેન્ટર ખાતેથી લીધી છે. હાલમાં હું સાણંદ મધરસન કંપનીમાં નોકરી કરું છું.



અમારા ગામના ભાઈઓને ચારણકા સોલારપાર્ક ખાતે નોકરી પર રાખતાં હતાં પરંતુ, બહેનોને કામ પર રાખતાં ન હતા. આથી મારા ગામમાં આ સોલારની તાલીમ શરૂ થવાની છે એવી જાણકારી મળતાં હું ખૂબ ખુશ થઇ હતી, જે વિશેની જાણકારી મેં મારા માતા-પિતાને જણાવી પહેલા તેમને મને કીધું કે આવી તાલીમ લઇ તને શું ફાયદો થશે ? દીકરી તો ઘર કામ કરવામાં જ શોભે. આ વાત જાણી હું ઘણી નિરાશ થઇ ગઇ હતી. ત્યારે મારા ગામમાં સેવાના આગેવાન બહેન આવેલા. મને નિરાશ જોઈ, નિરાશાનું કારણ પૂછ્યું. મેં તેમને જણાવ્યું. તેમણે મારા માતા-પિતા સાથે આ કાર્યક્રમ વિષે વિસ્તૃતમાં ચર્ચા કરી. મારી ઈચ્છા મુજબ મને તાલીમ લેવા માટે સમજાવ્યા. અંતે મારા માતા-પિતાએ મને તાલીમ લેવા માટે સહમતિ આપી. આ સાથે મારામાં એક આશા જાગી હતી કે, બહેનોને પણ હવે રોજગારી મેળવવાની તક મળશે.

તાલીમ લેવાથી મારું જીવન બદલાયું. આજે હું મારા ઘરના લાઈટ, પંખા જોઇને ઘરનું કેટલું લાઈટબીલ આવવું જોઈએ તેની ચોક્કસ ગણતરી કરી શકું છું. મારા માં-બાપ મને તાલીમ લેતી જોઇને ઘણા રાજી થાય છે. મને નોકરી કરવા

# શ્રી મહિલા સેવા સહકારી બેંક લી.

૧૦૯, સાકાર-૨, પહેલો માળ, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૮ ૧૫૯૭, ૨૬૫૮ ૧૬૫૨
ઇ-મેલ : mail@sewabank.com • વેબસાઇટ : www.sewabank.com

## ઉધમી મહિલાઓ

## આપના ધંધાને નવી ઉંચાઇએ પહોંચાડો
## સેવા બેંકની નવી લોન યોજના સાથે જોડાવો







- તમારી સંપત્તી બનાવો
- યોગ્ય રીતે બચત કરો
- વિમા સાથે જોડાવો



તમારી વિવિધ
વ્યવસાયિક
જરૂરીયાતો માટે
૫ લાખ સુધીની
લોન મેળવો



એક કુશળ
વ્યવસાયિક
ઉધમી
મહિલા બનો

**આવો... સાથે મળીને આપનો અને આપના ધંધાનો વિકાસ કરીએ**

માટેની નવીન તક મળી. આવી તાલીમ અમારા ગામોમાં ચાલતી રહે અને અમારા જેવી શ્રમજીવી બહેનો આગળ વધે તેવી આશા છે.

❑

## દુકાન એક સપનું

ચાંદખેડા, જગતપુર વિસ્તારમાં રહેતાં રશ્મીબહેન અશોકભાઇ સુરતી કહે, હું નવા વાડજમાં પુજાપો અને અગરબત્તી વેચવાનું કામ કરું છું. મારી ઉંમર ૬૩ વર્ષની છે. હું ૧૧ ધોરણ ભણેલી છું. હું સેવા બેંકની ડાયરેક્ટર છું.

મારું પિયર વડોદરાનું ડભોઇ ગામમાં છે. મારા પિતા દરજી કામ કરતાં હતાં અને ઘરના બધાં તેમાં મદદ કરતાં. મારા પિતાજી સિલાઇ મશીનના કારીગર રાખતાં અને ઘરાકના ઓર્ડર હોય તે મુજબ ઘરે જઇને પણ કામ કરતાં. ઘરમાં ૪ બેનો અને એક ભાઇ તથા માતા-પિતા. મારા માતા-પિતા અને ભાઇ હાલામાં નથી રહ્યાં, પરંતુ બેન અને ભાઇ જે હાલમાં પણ ડભોઇમાં 'રશ્મી ટેલર' જે ચોકસી બજારમાં છે તે ચલાવે છે.

મારા લગ્ન થયા ત્યારે મારા પતિ શાહપુરમાં રહેતાં અને દિલ્હી ચકલામાં ભાડે દુકાન રાખી કટલરી સ્ટોર્સ ચલાવતાં. હું પણ મારા પતિની સાથે સીઝન મુજબ તહેવારને લગતી વસ્તુઓ લઇ દુકાનની બહાર વેચતી. ત્યારે તોફાનો વારંવાર થતાં તેથી તેઓ નિર્ણયનગર, વાડજ પાસે રહેવા ગયા. ત્યાં લેડીઝ આઇટમ તથા કોસ્મેટીક અને અગરબત્તીની દુકાન શરુ કરી. ત્યારે કાચો માલ લાવી અગરબત્તી બનાવતા અને પેકીંગ કરી વેચતાં. ઘરના બધા જ આ કામમાં મદદ કરતાં. ઘર એ દુકાન અને દુકાન એ ઘર.

ઘરમાં બે દીકરા અને બે વહુઓ પણ છે. તેઓ પણ દુકાનમાં મદદ કરે છે. વહુ ફેશન ડિઝાઇનીંગનું ભણી છે અને અમારા ધંધામાં વેચાણ વધારવા પણ મદદ કરે છે.

હાલમાં ભાડાની દુકાન છે તેમાં મારા ઘરવાળા અને મોટો દીકરો ધંધો કરે છે. બીજો દીકરો એન્જીનિયરનું ભણે છે. લોકો ગમે તે કહે. અંતે પરિવાર વગર પ્રગતિ નથી. પરિવાર સુખનો પાયો છે.

અખબારનગર પાસે મારી બેનની મોટી દુકાન છે, તેમાં દરેક જાતના પુજાપા, શણગાર, સિંહાસન, હિચકા, રૂદ્રાક્ષ, તુલસી, સ્ફટીક બધી જ જાતની માળા, હાર, ચૂંદડી, જન્મથી મૃત્યુ સુધીનો તમામ સામાન, નવચંડી, કથાનો પુજાપો વગેરે વેચે છે. સીઝન પ્રમાણે વેચાણ થાય છે.

૧રૂપિયાથી શરૂ થાય ને ૧૫ હજાર સુધીની આઈટેમ મળે છે.

પેકિંગમાં ચાર કારીગરો રાખે છે અને બેન બપોર પછી દુકાને જાય. હું રાજપથ, ગ્રાન્ડ ભગવતી બધે અક્ઝીબીશન કરવા જાઉં છું. દર વર્ષે એક એક્ઝીબીશનમાંથી ઓછામાં ઓછા ૩૦ ગ્રાહકો અમારી દુકાનના ગ્રાહક બની જાય છે. જે દર જન્માષ્ઠમી, નવરાત્રી, દિવાળી જેવા તહેવારોમાં ભગવાનના વાઘાને જરૂરી સામાન લઇ જાય છે.

પુજાપાનો બધો માલ કલકત્તા, બનારસ અને લોકલ એમ બધી જગ્યાએથી લાવીએ છીએ. મેં સેવા બેંકમાં ખાતુ ખોલાવી બચત કરી લોન લઇ મારા ધંધાનો વિકાસ કર્યો છે. લોનથી જ ઘરના ૪ પ્રસંગો સાંગોપાંગ પાર પાડ્યા છે. લોનથી દાગીના લીધા છે અને મારું પોતાનું ઘર લીધું છે. સેવા બેંકમાં મારી પોતાની ફીક્સ ડીપોઝીટો છે અને આજે પણ બચત કરું છું. સાથે બીજી બેનોને પણ બેંક સાથે જોડુ છું.

મારું સપનુ છે દુકાન હાલ ભાડાની છે તે પોતાની કરવી છે. જ્યારે સપનું સાકાર થાય ત્યારે જીવન સાકાર થાય છે જ.

**- વંદના શાહ**

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2024

Ahmedabad P.S.O.
6, 22-1-24

**અનસૂયા**

- ૪૧માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલા વિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે**
**'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા**

6, 22-1-24

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]